હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

સાહેબ, મારશો નહીં... અહીં કાંઈ રહ્યું નથી... છેલ્લી વખત લોકડાઉનનો ભંગ કરી કાયમ માટે હિમાલયમાં સાધના કરવા જઈ રહ્યો છું...

જિલ્લાના એક લાખથી વધુ Non NFSA APL-1 કાર્ડધારકકોને આજથી વિના મૂલ્યે અન્ન વિતરણ કરાશે

કાર્ડધારકોએ તેમની નિર્ધારીત કરવામાં આવેલી તારીખે જ અન્ન મેળવવા જવાનું રહેશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાના ૧ લાખથી વધુ Non NFSA APL-1 કાર્ડધારકકોને વિના મૂલ્યે અન્ન વિતરણ ૧૩ એપ્રિલથી ૧૭ એપ્રિલ, ૨૦૨૦ દરમ્યાન આપવામાં આવશે, તેવું ગાંધીનગર જિલ્લા પુરવઠા અધિકારી નિરૂપા ગઢવીએ જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લા પુરવઠા અધિકારી નિરૂપા ગઢવી જણાવ્યું છે કે ગાંધીનગર જિલ્લા કલેકટર ડૉ કુલદીપ આર્યના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર જિલ્લાના ૧,૦૯,૨૮૨ Non NFSA APL-1 કાર્ડધારકકોને આવતીકાલ ૧૩ થી ૧૭ એપ્રિલ દરમ્યાન વિના મુલ્યે અન્ન વિતરણ કરવામાં આવનાર છે. આ અન્ન વિતરણ જિલ્લાની ૩૫૫ સસ્તા અનાજની પરથી કરવાનું સુચારું આયોજન કરવામાં આવ્યું છે. Non NFSA APL-1 કાર્ડધારકકોને ૧૦ કિલોગ્રામ ઘંઉ, ૩ કિલોગ્રામ ચોખા, ૧ કિલોગ્રામ દાળ અને ૧ કિલો ખાંડ વિના મૂલ્યે આપવામાં આવશે.

વધુમાં જિલ્લા પુરવઠા અધિકારીએ જણાવ્યું છે કે આ વિતરણ સુચારું રીતે થાય તે માટે રાજય સરકારના માર્ગદર્શન અનુસાર એન.એફ.એસ.એ માં સૂમાવિષ્ટ ન હોય તેવા એપીએલ-૧ રેશનકાર્ડ ધારકોના કાર્ડમાં છેલ્લા આંકડાનો નંબર ૧ અને ૨ હોય તેમને ૧૩મી એપ્રિલ,૨૦૨૦ના રોજ છેલ્લા આંકડાનો નંબર ૩ અને ૪ હોય તેમને ૧૪ એપ્રિલ,૨૦૨૦, છેલ્લા આંકડાનો નંબર ૫ અને ૬ હોય તેમને ૧૫ એપ્રિલ, ૨૦૨૦ના રોજ, છેલ્લો આંકડાનો નંબર ૭ અને ૮ હોય તેમને ૧૬મી એપ્રિલ તેમજ છેલ્લા આંકડાનો નંબર ૯ અને ૦ હોય તેવા રેશનકાર્ડ ધારકને ૧૭મી એપ્રિલ,૨૦૨૦ ના રોજ વિના મૂલ્યે વિતરણ કરવામાં આવશે. કાર્ડ ધારકોએ નિર્ધારિત કરેલા દિવસોએ જ અન્ન મેળવવા માટે આવવાનું રેહશે. તેમજ અનિવાર્ય સંજોગોવશાત ૧૩ થી ૧૭ એપ્રિલ, ૨૦૨૦ દરમ્યાન નિયત દિવસે અન્ન લેવા ન આવી શકનારા એપીએલ-૧ કાર્ડધારક ૧૮મી એપ્રિલ, ૨૦૨૦ ના રોજ અન્ન મેળવી શકશે. વધુમાં જિલ્લા પુરવઠા અધિકારીએ જણાવ્યું છે કે Non NFSA APL-1 કાર્ડધારકકો રેશન લેવા જાય ત્યારે રેશનકાર્ડ અને આધારકાર્ડ ઓરીજનલ બિનચૂક સાથે લાવવાનું રહેશે. જથ્થો મેળવવા સમયે કોરોના વાયરસના સંક્રમણ ફેલાતો અટકાવવા સારું સોશિયલ ડિસ્ટન્સના નિયમોનું ચૂસ્ત પાલન કરવાનું રહેશે. તથા સહી કરવા સારું દરેક લાભાર્થીએ બોલપેન સાથે રાખવાની રહેશે.

ખૂણેખાંચરેથી

- કડી સર્વ વિદ્યાલય ખાતે ઉભી કરાયેલ આશ્રય છાવણીમાં આજે શ્રમિકોએ ભારતીય પરંપરાની રમતો રમી અને આનંદ પ્રમોદ માણ્યો હતો.
- મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાં જિલ્લાના ૧૫ થી વધુ લોકો દ્વારા ૧૫ લાખ જેટલી રકમ જમા કરાવવામાં આવી છે.
- એ.પી.એલ.-૧ના કાર્ડધારકોને અનાજની કીટના વિતરણમાં સોશિયલ ડિસ્ટન્ટ જળવાય તેમજ દુકાન સંચાલકોને સહાયરૂપ થવા ગાંધીનગર શહેરમાં દુકાનો માટે મામલતદાર કચેરી દ્વારા કર્મચારીઓના હુકમ કરવામાં આવ્યા છે.
- ગાંધીનગર જિલ્લામાં ૧૬૦૦ જેટલા પરિવારો આજે પણ જર્જરિત આવાસોમાં રહેતા હોવાનું બહાર આવવા પામ્યુ છે.
- ગાંધીનગર જિલ્લામાં ૨૨ હજાર હેક્ટરથી વધારે વિસ્તારમાં ઉનાળુ પાકોનું વાવેતર સંપન્ન થયુ છે.
- ગાંધીનગર જિલ્લામાં ઉનાળાના આગમનની સાથે જ વીજ માંગમાં ભારે વધારો થવા પામ્યો છે.

સી.આર.પી., ગાંધીનગર દ્વારા આસપાસ રહેતા ગરીબ પરિવારના બે ટાઈમના ચૂલા સળગાવવા મદદરૂપ બની

સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ દ્વારા લેકાવાડા ગામના ૧૫૦૦ ઘરોમાં દવાનો છંટકાવ કરાયો

ભારત દેશ પર કોઈપણ કુદરતી અને માનવસર્જિત આપત્તિ આવે છે, ત્યારે સેન્ટ્રલ રિઝર્વ પોલીસ હમેંશા મદદ કરવામાં અગ્રેસર રહે છે. આજે સમગ્ર વિશ્વ સહિત દેશ પર નોવેલ કોરોના વાયરસનો

હાહાકાર છે, તે સમયે ગાંધીનગર નજીક આવેલા સેન્ટ્રલ રિઝર્વ પોલીસ દ્વારા આસપાસમાં વસ્તી ગરીબ પરિવારને અનાજની કિટ્સનું વિતરણ કર્યું છે. તેમજ લેકાવાડા ગામમાં અને નજીક વિસ્તારમાં ૧૫૦૦ ઘરોમાં દવાનો છંટકાવ કરી આપવામાં આવ્યો છે.

ગાંધીનગર-ચિલોડા જવાના માર્ગ પર સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સનું સેન્ટર આવેલું છે. હાલમાં સમગ્ર દેશમાં નોવેલ કોરોના વાયરસના કારણે લોકડાઉન કરી દેવામાં આવ્યું છે. આવા સમયે દેશની સેવા કરતાં સેન્ટ્રલ રિઝર્વ પોલીસ દળના જવાનો દ્વારા આસપાસના ગરીબ પરિવારના ઘરના ચૂલા સળગાવામાં મદદ રૂપ બની રહ્યું છે. લોકડાઉનના સમયમાં ગરીબના ઘરે પણ કોઈ ભૂખ્યું ન સૂઈ જાઈ તેવી ઉમદા ભાવના સાથે આ કાર્ય પોલીસ ફોર્સ દ્વારા કરવામાં આવી રહ્યું છે.

સેન્ટર રિઝર્વ ફોર્સ ગાંધીનગરના ડેપ્યુટી કમાન્ડન્ટ સુનિલકુમાર ખત્રીએ જણાવ્યું હતું કે કોવિડ-૧૯ની સમસ્યાને ધ્યાનમાં રાખીને સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ, ગ્રુપ સેન્ટર ગાંધીનગરના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા પેથાપુર નજીક આવેલી વસ્તી, સેક્ટર ૩૦ ઝૂંપડપટ્ટી, લેકાવાડા ગામ અને ચિલોડા આસપાસના જરૂરિયાતમંદ લોકોને અનાજની કિટ્સ તૈયાર કરીને વિતરણ કરવામાં આવી હતી. આ કિટ્સમાં તેમણે ૧૮૭૫ કિલો લોટ, ૩૭૫ કિલો ખાંડ, ૩૭૫ કિલો ચોખા, ૩૭૫ કિલો કઠોળ અને ૩૭૫ કિલો મીઠાનું પેકેટ વિતરણ કરાયું હતું.

આ જૂથ કેન્દ્ર ગાંધીનગરમાં પણ નજીકના લેકાવાડા ગામમાં આશરે ૧૫૦૦ ઘરોની આસપાસ, સ્વચ્છતા અને દવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો, જેના કારણે ગામના લોકોએ આ ખૂબ જ પવિત્ર કાર્યની પ્રશંસા કરી હતી. તે ઉપરાંત આસપાસના ગામોમાં નોવેલ કોરોના વાયરસનું સંક્રમણ અટકાવવા માટે શું તકેદારી રાખવી અને સરકાર દ્વારા જણાવવામાં આવતા નિયમોનું પાલન કરવા માટે સતત સમજ જવાનો દ્વારા આપવામાં આવી રહી છે.

જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા રાંચરડા હોટ સ્પોટ વિસ્તારમાં ૪૨ કોવિડ-૧૯ માટેના સેમ્પલ લેવામાં લેવાયા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના રાંચરડા ગામમાં ગઈકાલે ૬ વર્ષીય બાળકને કોવિડ પોઝિટીવ આવતાની સાથે ગાંધીનગર જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા હોટ સ્પોટ જાહેર કરવામાં આવ્યો છે. કન્ટેટમેંટ ઝોન અને બફર ઝોનનું મેપિંગ કરી સ્થાનિક આરોગ્ય ટીમને ઉક્ત વિસ્તાર સર્વેની કામગીરી કરવામાં આવી છે, તેવું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મનુભાઈ સોંલકીએ જણાવ્યું છે.

મુખ્ય જિલ્લા ઓરાગ્ય અધિકારી ડૉ. મનુભાઈ સોંલકીએ જણાવ્યું છે કે આ વિસ્તારમાં હોઈપોકલોરાઈડના સોલ્યુશનનો સ્પ્રે કરવાની સૂચના આપવામાં આવી છે. આ અંતર્ગત સ્થાનિક આરોગ્ય ટીમ દ્વારા ગામના તલાટી અને સરપંચની મદદ લઈને તાત્કાલિક કાર્યવાહી ચાલું કરવામાં આવી છે. આ વિસ્તારમાં ગઈકાલ ૧૧ એપ્રિલ, ૨૦૨૦ના રોજ સાંજે ૬ કલાકથી સોડિયોમ હાઈપોકલોરાઈડના સોલ્યુશનનો સ્પ્રેની કામગીરી ચાલું કરવામાં આવી છે. જે સળંગ ૧૪ દિવસ સુધી ચાલું રાખવામાં આવનાર છે.

ડૉ. સોંલકીએ જણાવ્યું છે કે રાંચરડા હોટ સ્પોટ વિસ્તારમાં કુલ-૧૨ ટીમ બનાવી કુલ-૫૫૮ ઘરની ૨૩૮૭ વસ્તીનો હાઉસ ટુ હાઉસ સર્વે કરવામાં આવ્યો છે. જેમાં સામાન્ય લક્ષણો ધરાવતા ૫ વ્યક્તિઓ મળ્યા છે. જેને સ્થળ પર જ સારવાર આપવામાં આવી છે. તેમને હોમ કવોરંટાઈન કરવામાં આવ્યા છે. આગામી ૧૪ દિવસ સુધી આ હોટ સ્પોટ વિસ્તારમાં સર્વે કરવામાં આવશે. આરોગ્ય ટીમ દ્વારા ઉક્ત વિસ્તારમાં જનજાગૃતિ અર્થે આ.ઈ.સી. પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ હોટ સ્પોટ વિસ્તારમાંથી જિલ્લા કંટ્રોલ ટીમની સૂચના મુજબ સ્થાનિક આરોગ્ય ટીમ દ્વારા કુલ-૪૨ કોવિડ-૧૯ માટે સેમ્પલ લેવામાં આવ્યા છે.

આલમપુર એપીએમસી ખેડૂતોના હીતોને ધ્યાન રાખી માર્કેટયાર્ડમાં ફુલ બોડી સેનેટાઈઝ મશીન મુકાયું

બે લાખ અગિયાર હજાર એકસો અગિયાર મુખ્યમંત્રી રાહતફંડમાં અર્પણ

ચિલોડા, તા. ૧૨

સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસનો હાહાકાર મચી રહ્યો છે. કોરના વાયરસની બિમારી અને સંક્રમણ અટકાવવા એપીએમસી આલમપુર ગાંધીનગરની સરાહનીય કામગીરીમાં ખાસ ખેડૂતો વેપારીઓના હીતોની ખાસ સાવધાની તકેદારીરૂપે એપીએમસી ચેરમેન અને ડીરેક્ટરોની જહેમતનુ બીડુ ઝડપ્યુ છે. જે અભિનંદનને પાત્ર છે.

અમદાવાદ તરફના ખેડૂતો પણ શાકભાજી વેચવા આલમપુર આવી રહ્યા છે. જમાલપુર શાકમાર્કેટ બંધ કર્યા બાદ આલમપુર માર્કેટ ખેડૂતો અને વેપારીઓનું આકર્ષણ કેન્દ્ર બન્યુ. નાના છૂટક વેપારીઓ એપીએમસીમાં ખેડૂતોનો માલ ખરીદતા વેપારીઓને તથા શાકભાજી વેચવા આવતા અસંખ્ય ખેડૂતોની ખાસ તકેદારીરૂપે સુખાકારી અને કોરોના વાયરસના ચેપથી બચાવવાના પર્યાપ્ત પ્રયાસો હાથ ધરાયા છે. કોરોના જેવી મહામારી આટલો ખતરનાક વાયરસ હોવા છતાં એપીએમસીના ચેરમેન અશોકભાઈ પટેલ તથા તેમની ટીમ જે સંનિષ્ઠ સેવારૂપી કાર્ય કરી રહી છે તે ડોક્ટર કે પોલીસની કામગીરીથી ઓછી નથી. ચેરમેન અશોકભાઈ પટેલ ખેડૂતપુત્રના નાતે ખેડૂતોના હીત માટે આટલુ મોટુ ખેડ્યુ છે.

લોકડાઉનના સમયમાં યુ-ટ્યુબ થકી બાળકોને સંસ્કાર પીરસતી ''વાર્તાઓનું વાચિકમ્''

ગાંધીનગરના અધ્યાપક અજય રાવલ દ્વારા બાળકોમાં માતૃભાષાના શ્રવણનું કૌશલ્ય વિકસાવવાના હેતુથી અનોખો પ્રયાસ

ગાંધીનગર, તા. ૧૨

ભારતમાં કોરોના વાયરસના સંક્રમણની શરૂઆત થતાં જ શૈક્ષણિક સંસ્થાઓને બંધ કરી દેવામાં આવી હતી અને હવે આ લોકડાઉનની સ્થિતિ વધુ સમય ચાલે તેવું સ્પષ્ટ જણાય છે. આ સંજોગોમાં બાળકોના સર્વાંગીણ વિકાસમાં ઉપયોગી બની શકે તેવું માધ્યમ એટલે ''વાર્તા'' થકી બાળકોમાં માતૃભાષાના શ્રવણનું કૌશલ્ય વિકસાવવાનું બીડું ગાંધીનગરના ભાષાપ્રેમી અધ્યાપક અજય રાવલે ઝડપ્યું છે અને યુ-ટ્યુબના માધ્યમથી તેઓ ''વાર્તાઓનું વાચિકમ્'' પ્રસ્તુત કરી રહ્યાં છે.

અગાઉ ભારતીય સંસ્કૃતિમાં સંયુક્ત કુટુંબ પ્રથામાં દાદા-દાદી કે નાના-નાની અથવા માતા-પિતા દ્વારા પોતાના સંતાનોને વાર્તા સંભળાવી જ્ઞાન સાથે સંસ્કાર પીરસવામાં આવતા હતા જેનો બાળઉછેરમાં ખૂબ મહત્વનો ફાળો હતો.

● અનુસંધા પાના - ૭ પર

કોરોના સામે જંગે ચઢેલા ગુજરાતના પાંચ IAS આજે લોકોના પ્રિય હીરો બની રહ્યાં છે

(ગૌતમ પુરોહિત દ્વારા)

ગુજરાતમાં કોરોના વાયરસનું સંક્રમણ અટકાવવા તેમજ દર્દીઓને સમયસર સારવાર મળી રહે તે માટે આખી સરકાર કામ કરી રહી છે પરંતુ સૌથી વધુ જે લોકો કામ કરી રહ્યાં છે તેમાં મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, ગૃહ રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજા સહિતના મંત્રીઓની ટીમ છે. પાર્ટીએ તેમના ધારાસભ્યો તેમજ સંસદસભ્યોને પણ લોકોની સાથે રહીને કામ કરવાનો આદેશ આપ્યો છે. વિશ્વના પાંચ વિકસિત દેશો આજે કોરોના પોઝિટીવનો આંકડો લાખને પાર કરી ગયા છે ત્યારે વિશ્વની બીજાનંબરની વસતી ધરાવતા ભારત દેશમાં પોઝિટીવ કેસોની સંખ્યા હજી ૧૦ હજાર સુધી પહોંચી છે. કેન્દ્ર અને રાજ્ય સરકારોના પ્રયાસથી દેશમાં પોઝિટીવ કેસોનો આંકડો નિયંત્રિત થયેલો દેખાઇ રહ્યો છે. કોરોના સબંધિત કામગીરીમાં તો આખી ગુજરાત સરકાર અભિનંદનને પાત્ર છે પરંતુ કેટલાક એવા હીરો છે કે જેઓ દિન-રાત જોયા વિના લોકોની ફિકર કરીને આ મહામારીને નિયંત્રણમાં રાખવાના પ્રયાસો કરી રહ્યાં છે. વાયરસનું સંક્રમણ અને લોકડાઉનની સ્થિતિ વચ્ચે વિચલિત થયા વિના આ યોદ્ધાઓ કામ કરી રહ્યાં છે.

રાજાનું કામ શું હોઇ શકે, રાજા રાવણને જુઓ...

પ્રસિદ્ધ રામાયણમાં જ્યારે ભગવાન રામ લંકા પર ચઢાઈ કરી યુદ્ધ શરૂ કરવાની તૈયારી કરતાં હોય છે ત્યારે લંકેશ એટલે કે રાવણ નૃત્ય મહોત્સવમાં મગ્ન હોય છે. રાવણના મુગુટ અને મંદોદરીના કાનના પહેરણનો તેજ લિસોટો જ્યારે ભગવાન રામની છાવણી પર પડે છે ત્યારે રામ વિભિષણને પૂછે છે કે લંકા તરફથી આવતો તેજ લિસોટો શું છે ત્યારે વિભિષણ કહે છે કે – ભગવાન, એ રાવણની સંગીત લીલામાંથી બહાર આવેલો તેજ લિસોટો છે. પ્રદેશ પર યુદ્ધ મંડરાયેલું હોય અને રાજા ભયભીત બની જાય તો તેની જનતા વધારે ભયભીત બને છે. રાવણ લંકાની જનતાને યુદ્ધનો ભય દર્શાવવા માગતો નથી. રાવણે તેના દૂતોને પણ કહ્યું હોય છે કે ભલે રામ અને રાવણ વચ્ચે યુદ્ધ થાય, જનતામાં યુદ્ધનો ભય પેદા થવો જોઈએ નહીં. આપણાં શાસકો પણ આવું જ કંઈ કરી રહ્યાં છે. ભલે કોરોનાના સંક્રમણનો ભય છે પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી વિજય રૂપાણી લોકોને આશ્વાસન આપે છે કે લોકડાઉનની સ્થિતિમાં ઘરમાં રહો, સુરક્ષિત રહો,, બહું જલદીથી આપણે પાછા આપણા કામે લાગી જઈશું. આજે નહીં તો કાલે કોરોનાની વિદાય નિશ્ચિત છે.

વિશ્વમાં કોરોના પોઝિટીવના ૧૮ લાખ કેસ...

વિશ્વમાં કોરોનાની સ્થિત જોઈએ તો કુલ પોઝિટીવ કેસોની સંખ્યા ૧૮ લાખ થઈ છે. મૃત્યુઆંક ૧.૧૦ લાખ થયો છે, જ્યારે પોઝિટીવ કેસમાંથી સાજા થયેલી દર્દીઓની સંખ્યાનો આંકડો ૪.૧૦ લાખ પર પહોંચ્યો છે. જો કે હજી ૫૧૦૦૦ દર્દીઓ સિરીયસ અને ક્રિટીકલ કંડીશનમાં છે. વિશ્વમાં સૌથી વધુ ૫.૫૦ લાખ કેસો અમેરિકામાં છે અને સૌથી વધુ ૨૧૦૦૦ મોત પણ અમેરિકામાં જ થયાં છે. બીજાક્રમે ૧.૬૫ લાખ કેસ અને ૧૭૦૦૦ મોત સાથે સ્પેન આવે છે. ઈટાલીમાં કેસોની સંખ્યા ૧.૫૫ લાખ છે અને મોત ૨૦૦૦૦ની આસપાસ છે. ફ્રાન્સમાં કેસોની સંખ્યા ૧.૩૧ લાખ છે અને મોત ૧૪૦૦૦ છે. જર્મનીમાં કેસોની સંખ્યા ૧.૨૮ લાખ છે અને મોત ૨૯૦૦ છે. ચાઈનામાં કેસોની સંખ્યા ૮૨૦૦૦ સ્ટેબલ છે અને કુલ મોતનો આંકડો ૩૩૪૦ દર્શાવવામાં આવે છે. યુકેમાં ૮૦,૦૦૦ કેસ અને ૯૯૦૦ મોત છે. ઈરાનમાં ૭૧૦૦૦ કેસ છે અને ૪૪૦૦ મોત છે. વિશ્વમાં એકમાત્ર પર્યટન સ્થળ ભૂતાન એવું છે કે જ્યાં છેલ્લા બે મહિનાથી માત્ર પાંચ કેસ છે જે પૈકી બે પોઝિટીવ કેસ સાજા થતાં હવે ત્યાં માત્ર ત્રણ કેસ છે. કોઈ મૃત્યુ નથી. યમનમાં પણ માત્ર એક જ એક્ટિવ કેસ છે.

એસ જગદીશન અને એસ. આર. રાવ હીરો હતા...

રાજ્યના વહીવટી પાંખના સનદી અધિકારીઓને સામાન્ય જનતા ઓળખતી હોતી નથી પરંતુ કોરોનાના સંક્રમણ સમયે પાંચ એવા અધિકારી સામે આવ્યા છે જેઓને આખું ગુજરાત ઓળખતું થયું છે. વર્ષો પહેલાં રાજકોટમાં મ્યુનિસિપલ કમિશનર એસ જગદીશન હતા ત્યારે તેમને રાજકોટની જનતા ઓળખતી હતી. લોકભોગ્ય કામ કરીને તેઓ જનતાના હીરો બની ગયા હતા. તેમની જ્યારે બદલી થઈ ત્યારે રાજકોટની જનતા અને જગદીશનની આંખોમાં આંસુ હતા. એવી જ રીતે સુરતમાં મ્યુનિસિપલ કમિશનર તરીકે એસઆર રાવ જનતાની નજરમાં હીરો હતા. સુરતમાં જ્યારે પ્લેગનું આક્રમણ હતું ત્યારે જનતાની વચ્ચે રહીને સુરતને સ્વચ્છ કરવામાં તેમણે એવું કામ કર્યું કે તેઓ લોકોના પ્રિય ઓફિસર બની ગયા હતા. સુરતનું એક એક બાળક પણ એસઆર રાવને ઓળખતું હતું. એસઆર રાવ એ ઓપરેશન હેલ્થકેર અને ઓપરેશન ડિમોલિશન નામ હેઠળ સુરતને સ્વચ્છ અને ટ્રાફિક સમસ્યાથી મુક્ત બનાવવામાં મોટો ભાગ ભજવ્યો હતો. અમદાવાદમાં કેશવ વર્મા જ્યારે મ્યુનિસિપલ કમિશનર હતા ત્યારે તેમણે પણ ગેરકાયદે દબાણોનો સફાયો કરીને લાલ દરવાજા જેવા ભીડભાડયુક્ત વિસ્તારને મુક્ત કર્યો હતો. અમદાવાદની ખુબસુરતી આજે કેશવ વર્માને આભારી છે. જનતાના રીયલ હીરો તરીકે કેટલાક જિલ્લા કલેક્ટરો પણ કામ કરી રહ્યાં છે પરંતુ તેઓ પડદા પાછળના કસબી છે.

રાજ્યના પોલીસ વડા, શિવાનંદ ઝા...

૧૯૭૯માં પટણા યુનિવર્સિટીમાંથી સ્નાતક થયા બાદ ૧૯૮૩ની બેચમાં આઈપીએસ થયાં છે. શિવાનંદ ઝા એ ગોધરા રમખાણો દરમ્યાન અમદાવાદના એડીશનલ પોલીસ કમિશનર તરીકે ઉત્તમ કામગીરી કરી છે. આજે વિશ્વ પર આવી પડેલી મહાઆફતમાં ગુજરાતના પોલીસ વડા તરીકે શિવાનંદ ઝા તેમના સુઝબુઝ વાળા નિર્ણયો અને ટીમ લીડર તરીકેની કુશળ આવડતને કારણે લોકોના અભિનંદન મેળવી રહ્યા છે. લોકડાઉનના સમયમાં લોકોને ઘરની અંદર રહેવાની સલાહ આપતાં પોલીસ વડા આખી ગુજરાત પોલીસનું નેતૃત્વ સંભાળી રહ્યાં છે.

આરોગ્ય અગ્રસચિવ, ડો, જ્યંતિ રવિ...

સ્વભાવે સરળ અને શુદ્ધ ગુજરાતીમાં વાત કરતાં ૧૯૯૧ની બેચના આ મહિલા અધિકારી આજે ગુજરાતના પ્રત્યેક ઘરમાં જાણીતા બન્યાં છે. સવારે ૧૦,૩૦ કલાકે અને સાંજે ૭.૩૦ કલાકે તેમને સાંભળવા માટે લોકો ટીવી સામે બેસી જાય છે. ઈ ગવર્નન્સમાં તેમણે પીએચડી કર્યું છે. તેઓ સારા વહીવટકર્તા હોવા છતાં કડક ઓફિસરની છાપ ધરાવે છે. તેમની ખૂબી એવી છે કે તેઓ ૧૧ ભાષાઓ જાણે છે. એક ગુજરાતી બોલી ના શકે તેવું શુદ્ધ ગુજરાતી બોલે છે. તેમના કંઠે ગવાયેલું મહીસાસુર મર્દની સોશ્યલ મિડીયામાં ખૂબ વાયરલ થયું છે.

મુખ્યમંત્રીના સચિવ, અશ્વિનીકુમાર...

સરકારમાં આ અધિકારી એવા છે કે જેઓ પ્લાનિંગ પ્રમાણે ચાલે છે. ૧૯૯૭ની બેચના તેઓ ગુજરાત કેડરના આઈએએસ ઓફિસર છે. અશ્વિનીકુમાર પ્રેમાળ અને સંવેદનશીલ પણ છે. સિનિયર અને જૂનિયર વચ્ચે હંમેશા કોઓર્ડિનેશન જાળવે છે. ટીમવર્કમાં કામ કરવું તે તેમનું મુખ્ય જમા પાસું છે. કોરોના વાયરસના સંક્રમણ અને લોકડાઉન સમયે સંયમથી કામ કરી રહ્યાં છે. ગુજરાતના પ્રત્યેક પરિવારને જીવનજરૂરીયાતની ચીજવસ્તુ મળી રહે તે માટે સતત પ્રયત્નશીલ છે.લોકડાઉનમાં પ્રજાલક્ષી જે નિર્ણયો લેવામાં આવે છે તેની જાણકારી મિડીયા મારફતે તેઓ વહેતી કરે છે.

અમદાવાદ કમિશનર, વિજય નહેરા...

મૂળ રાજસ્થાનના પરંતુ ગુજરાત કેડરના અધિકારી વિજય નહેરા ૨૦૦૧માં તેઓ સનદી અધિકારી બન્યાં છે. અમદાવાદમાં કોરોના વાયરસના પોઝિટીવ કેસોની સંખ્યા વધી રહી છે ત્યારે શહેરને શિસ્તબદ્ધ રાખવામાં તેમનો મહત્વનો ફાળો છે. અમદાવાદના પોલીસ કમિશનર આશિષ ભાટીયા સાથે તાલમેલ રાખીને શહેરને કોરોનાથી સંક્રમણ મુક્ત કરવાનો તેમનો પ્લાન છે. હવે સમગ્ર અમદાવાદમાં ફરજીયાત માસ્ક પહેરવાનો આદેશ તેમણે કર્યો છે. કોરોના સંક્રમણ સમયે નમસ્તે અમદાવાદ નામથી ઝૂંબેશ ચલાવી જે પોપ્યુલર બની છે.

અનિલ મુકિમને તો ભૂલાય તેમ નથી...

ગુજરાત કેડરના મૂળ અમદાવાદના સનદી અધિકારી અનિલ મુકિમ એ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ગુડબુકમાં છે. તેમણે મેનેજમેન્ટ સાથે બીકોમ અને એલએલબી કર્યું છે. ગુજરાતમાં નાણા વિભાગના અધિક મુખ્યસચિવ પદેથી મોદી તેમને દિલ્હી લઈ ગયા હતા પરંતુ ગુજરાતમાં વહીવટી સ્થિતિ નબળી થતાં દિલ્હીથી તેમને ગુજરાતના ચીફ સેક્રેટરી તરીકે લાવવામાં આવ્યા છે. ૧૯૮૫ બેચના અધિકારી વહીવટી તંત્ર પર મજબૂત પક્કડ ધરાવે છે. રાજ્યની બ્યુરોક્રેસીમાં તેઓ પ્રામાણિકતાનું ઉત્તમ ઉદાહરણ છે. ખોટું ચલાવી લેતા નથી અને સાચું કહેવાની હિંમત ધરાવે છે. તેઓ અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર તરીકે સેવાઓ આપી ચૂક્યાં છે. ડિસેમ્બર ૨૦૧૯માં તેઓ ચીફ સેક્રેટરી બન્યાં છે. નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે ૨૦૦૨ થી ૨૦૦૭ સુધી તેમણે સીએમ કાર્યાલયમાં ફરજ બજાવી છે. હાલ કોરોના સામેની લડાઈમાં તેમના ભાગે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર વચ્ચે સંકલનની જવાબદારી છે. અનિલ મુકિમ ઓગષ્ટ ૨૦૨૦માં વયનિવૃત્ત થાય છે પરંતુ તેમને વધુ ત્રણ કે છ મહિનાનું એક્સટેન્શન મળે તેવી સંભાવના છે. કેન્દ્ર તરફથી આવતી તમામ સૂચનાઓનું તેઓ ગુજરાતના વહીવટી તંત્રમાં પાલન કરાવે છે.